આધ્યાત્મિકતા અને દેશભક્તિના ગીતોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું

વાપીમાં નમોત્સવ : મોદીની જીવન સફરનું નાટ્ય રૂપાંતર રજૂ કરાયું

વિકાસની રાજનીતિ કરીને વડાપ્રધાન મોદી લોકપ્રિય નેતા બન્યા : કનુભાઈ

। વાપી ।

નામધા રોફેલ ગ્રાઉન્ડ ઉપર ગુરુવારે સાંજે જાણીતા સાહિત્યકાર સાંઈરામ દવેના સહયોગથી અને નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં રંગારંગ નમોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારતના વડાપ્રધાનના જીવનપ્રસંગો, બાળપણ, સંસ્કાર અને તેમની સફળતા પાછળ રહેલા મૂલ્યોને કેન્દ્રમાં રાખી નાટ્યરૂપાંતર રજૂ કરવામાં આવ્યું હતું. બાળપણથી લઈને દેશના સર્વોચ્ચ પદ સુધીની તેમની સફરને કલાકારોએ જીવંત રીતે મંચ પર રજૂ કરી હતી, જેને ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. કાર્યક્રમ દરમિયાન લોકોનો ઉત્સાહ નોંધપાત્ર રહ્યો હતો. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ગીતો અને નાટ્ય પ્રસ્તુતિઓએ કાર્યક્રમને વધુ જીવંત અને આકર્ષક બનાવ્યો હતો.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈ, ધારાસભ્ય રમણલાલ પાટકર, અરવિંદભાઈ પટેલ તેમજ ભરતભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા અને વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ અને વાપી વીઆઈએ પ્રમુખ સતીષ પટેલ સહિત અનેક આગેવાનો અને ગણમાન્ય વ્યક્તિઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિવિધ કાર્યક્રમોની શ્રેણી શરૂ થઈ હતી,

આ પ્રસંગે નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ કહ્યું હતુ કે, ખાસ કરીને આજે આપણે નમોત્સવમાં મોદીજીના જીવન પર આધારિત કથાની સાથે સાથે નાટ્ય રૂપાંતર રજૂ થયું છે. આ નમોત્સવ આજે સમગ્ર ગુજરાતના વિજયોત્સવમાં સામેલ થઈ ગયો છે. કારણ કે, સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક અને ભવ્ય વિજય મેળવ્યો છે. એ માટે સર્વે નાગરિકો અને વાપીના સર્વેજનોને હું આવકારું છું અને અભિનંદન આપું છું. એક નરેન્દ્ર જેમણે વિવેકાનંદના નામ સાથે સમગ્ર વિશ્વને એક આધ્યાત્મિકતાના પાઠ શીખવ્યા અને સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું, તેવી જ રીતે વડાપ્રધાન નરેન્દ્રભાઈએ વિકાસની રાજનીતિ કરીને સમગ્ર દેશમાં એક માત્ર લોકનાયક તરીકે નહીં, પણ સમગ્ર વિશ્વમાં એક વિશ્વ નેતા તરીકે ખ્યાતિ મેળવી છે. દેસાઈએ સાંઈરામભાઈ દવે અને એમની ટીમને હું અભિનંદન આપું છું કે, જેઓએ આવા કાર્યમાં એમણે જે સિદ્ધિ હાંસલ કરી છે." આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા પેઢીને પ્રેરણા આપવાનો હતો, જેમાં દેશપ્રેમ, સંસ્કાર અને સંઘર્ષના મૂલ્યોને ઉજાગર કરવામાં આવ્યા હતા. આ તકે ઉપસ્થિત મહાનુભાવોએ પણ પોતાના સંબોધનમાં વડાપ્રધાનના કાર્ય અને વિચારોને બિરદાવ્યા હતા અને યુવાનોને તેમના જીવનમાંથી પ્રેરણા લેવાનો સંદેશ આપ્યો હતો.

ખાતામાં પૈસા જમા થયાના ખોટા મેસેજ મોકલી ભેજાબાજે શિક્ષકનો વિશ્વાસ જીત્યો

પુત્રની સારવારને નામે સાયબર માફિયાનો ખેલ નાનાપોંઢાના નિવૃત્ત શિક્ષક પાસે ૭૭ હજાર પડાવ્યા

વલસાડ : નાનાપોંઢાના કવાલ ગામના નિવૃત્ત શિક્ષકને સાયબર માફિયાએ પરિચિત હોવાનું તરકટ રચી, તેના પુત્રની સારવાર માટે તાત્કાલિક નાણાંની જરૂર હોવાનું જણાવ્યું હતું. ભેજાબાજે નિવૃત્ત શિક્ષકના ખાતામાં નાણાં ટ્રાન્સફર કર્યા હોવાના ખોટા સ્ક્રીનશોટ મોકલતા, નિવૃત્ત શિક્ષકે ૭૭ હજારની રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. બાદમાં નિવૃત્ત શિક્ષકે બેંકમાં જઈ તપાસ કરતા તેઓ છેતરાયા હોવાની જાણ થઈ હતી.

નાનાપોંઢાના કવાલ ગામના દેસાઈ ફળિયામાં રહેતા અશોકભાઈ હીરાભાઈ પટેલ વર્ષ ૨૦૨૧માં વાપીના ચણોદ સ્થિત સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવાનિવૃત્ત થયા બાદ નિવૃત્તિ જીવન વિતાવી રહ્યા છે. ગત તા. ૦૯/૦૪/૨૬ના રોજ તેઓ પારડીની ખાનગી હોસ્પિટલમાં ચેકઅપ કરાવવા માટે ગયા હતા. તે સમયે કોઈ અજાણ્યા સાયબર માફિયાએ અશોકભાઈને કોલ કરી, તેમની ઓળખ 'સંતોષ' તરીકે આપી હતી. અશોકભાઈને તેના પુત્રની સારવાર માટે નાણાંની જરૂર હોવાનું જણાવી વિશ્વાસ જીતવા માટે એક બાળક સારવાર લેતો હોય તેવો ફોટો પણ મોકલ્યો હતો. ત્યારબાદ સંતોષ નામના ભેજાબાજે અશોકભાઈના બેંક ખાતામાં રૂ. ૪૫,૫૦૦ અને રૂ. ૬૫,૫૦૦ ટ્રાન્સફર કર્યા હોવાના નકલી સ્ક્રીનશોટ મોકલી અશોકભાઈનો વિશ્વાસ કેળવ્યો હતો. અશોકભાઈ આ સાયબર ભેજાબાજની જાળમાં સપડાઈ ગયા હતા અને તેમણે પોતાનું બેલેન્સ ચેક કરવાને બદલે ભેજાબાજે આપેલા મોબાઈલ નંબર પર ગૂગલ પે મારફતે કુલ રૂ. ૭૭ હજારની રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. અશોકભાઈએ જ્યારે બેંકમાં તપાસ કરી ત્યારે તેમને છેતરપિંડીની જાણ થઈ હતી.

ઉમરગામ તાલુકામાં યુવા શક્તિ વિકાસ સંગઠનને તાલુકા - જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મળેલ

અભૂતપૂર્વ સહકાર બદલ કાર્યકર્તાઓ અને મતદારોનો આભાર : રાકેશ રાય

ઉમરગામ તાલુકા પંચાયતની બેઠક સરીગામ-૧ અરવિંદભાઈ બોબા, સરીગામ-૨ રાકેશ રાય , સરીગામ -૩ મનોજ કડુ, સંજાણ-૨ ગુલઝહા ઈન્દ્રગડિયા અને વલસાડ જિલ્લા પંચાયતની બેઠક સરીગામ નુતન ભંડારી જીત્યા

। સરીગામ ।

સમગ્ર રાજ્યમાં હાલમાં યોજાયેલ તાલુકા,જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઉમરગામ તાલુકાની વિવિધ તાલુકા,જિલ્લા પંચાયતની બેઠકો ઉપર યુવા શક્તિ વિકાસ સંગઠન પ્રેરિત અપક્ષ ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતારી ચૂંટણી લડયા હતા.જેમાં લોકો અને મતદારોનો સાથ અને સહકાર મળતા નિર્વાદી ચૂંટણીમાં લડત આપી તાલુકાના રાજકારણમાં નવા અધ્યાયની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારે યુવા શક્તિ વિકાસ સંગઠન પ્રેરિત સરીગામ એક સરીગામ બે, સરીગામ ત્રણ અને સંજાણ બંદર ઉમરગામ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સરીગામની બેઠક જંગી બહુમતીથી અપક્ષ ઉમેદવારો જંગી મતોથી વિજય થવા પામ્યા હતા.

આ ઉપરાંત ૨૫ જેટલી બેઠકો ઉપર અપક્ષ ઉમેદવારોના અંદાજે ૩૦,૦૦૦ થી વધુ મતો મેળવીને તાલુકાના રાજકારણમાં નવા રાજકીય અધ્યાયની શરૂઆત કરવામાં આવી છે. યુવા શક્તિ વિકાસ સંગઠન તાલુકામાં ચાલતા ભ્રષ્ટાચાર સામે લડત આપવા, વિકાસના કામોને ગતિ આપવા તથા પ્રજાના હિતો માટે હંમેશા અવાજ બની રહેવાના આશયથી અને ખાસ કરીને તાલુકાના રાજકારણમાં શિક્ષિત અને જાગૃત યુવાનોને રાજકીય પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ સાથે ચૂંટણી જંગમાં ઝંપલાવતા ખૂબ જ ટૂંકા સમયમાં યુવા શક્તિ વિકાસ સંગઠનમાં શિક્ષિત અને જાગૃતિ યુવાનો જોડાયા હતા અને તે તમામે તંદુરસ્ત રાજકીય લડત આપી હતી. આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો ઉમરગામ તાલુકા પંચાયતની બેઠક સરીગામ-૧ અરવિંદભાઈ બોબા, સરીગામ-૨ રાકેશ રાય, સરીગામ -૩ મનોજ કડુ, સંજાણ-૨ ગુલઝહા ઈન્દ્રગડિયા અને વલસાડ જીલ્લા પંચાયતની બેઠક સરીગામ નુતન ભંડારી વિજય અપાવી અપક્ષ ઉમેદવારોને જીતાડનાર એવા તમામ જાગૃત શિક્ષિત મતદારો યુવા કાર્યકર્તાઓ મહિલાઓ વડીલો અને સૌ સંસ્થાના આગેવાનો તથા દરેક ગામના આગેવાનોનો યુવા શકિત વિકાસ સંગઠનના ચૂંટણી કન્વીન્યર એવા રાકેશ કે રાય દ્વારા સૌનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. યુવા શક્તિ વિકાસ સંગઠને તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પ્રથમ વખત ઉમરગામ તાલુકામાં ચૂંટણી જંગ લડતા બીજા ક્રમે મતો મેળવ્યા છે.

યુવા શક્તિ વિકાસ સંગઠન તાલુકામાં ચાલતા ભ્રષ્ટાચાર સામે લડત આપવા, વિકાસના કામોને ગતિ આપવા તથા પ્રજાના ન્યાયિતો માટે હંમેશા અવાજ બની રહેવાના આશયથી અને ખાસ કરીને ઉમરગામ તાલુકાના રાજકારણમાં શિક્ષિત અને જાગૃત યુવાનોને રાજકીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો ઉદ્દેશ રહેશે

શૂઝ મેળવી લીધા બાદ વાપીના રહેવાસીએ નાણાં ચુકવ્યા નહીં

મોંઘા શૂઝ સસ્તામાં વેચવાની પોસ્ટ મૂકનાર યુવાન સાથે વાપીના શખ્સ દ્વારા છેતરપિંડી

વલસાડ : ધરમપુરના બારસોલ ફાટક પાસે રહેતા યુવાને ઓ.એલ.એક્સ. (OLX) વેબસાઈટ પર તેના મોંઘા શૂઝ સસ્તા ભાવે વેચાણ કરવાની પોસ્ટ મૂકી હતી. જે પોસ્ટ જોઈ વાપીના ભેજાબાજે શૂઝની ખરીદી કરવાનો ઝાંસો આપી, શૂઝની ડિલિવરી લઈ લીધા બાદ નાણાં નહીં ચૂકવી છેતરપિંડી કરી હતી.

ધરમપુરના બારસોલ ફાટક પાસે રહેતા પ્રતીક શૈલેષભાઈ પટેલ (ઉં.વ. ૨૧) ચીખલી કોલેજમાં બી. ફાર્મના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. પ્રતીક પટેલે એક પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય કંપનીના રનિંગ શૂઝની ખરીદી કરી હતી. જે શૂઝ સેકન્ડમાં ઓછા ભાવે વેચાણ કરવા પ્રતીકે OLX વેબસાઈટ પર પોસ્ટ મૂકી હતી. જે પોસ્ટ જોઈને વાપીના પ્રવીણ ઓઝા નામના ઈસમે શૂઝની ખરીદી રૂ. ૮૦૦૦ માં કરવાનું જણાવ્યું હતું. ભેજાબાજે શૂઝની ડિલિવરી મળ્યા બાદ નાણાં ચૂકવવા અને કુરિયરનો ચાર્જ પણ ઓનલાઈન ચૂકવી દેવાની ખાતરી આપી હતી. શૂઝ મળી ગયા બાદ પ્રવીણ ઓઝા (રહે. ઘર નંબર ૩૦૧, પાર્ટ-૨, રોયલ રેસિડેન્સી બિલ્ડિંગ, દમણ-ચલા રોડ, વાપી) એ હાથ ઊંચા કરી છેતરપિંડી કરી હતી. જે બાબતે પ્રતીક પટેલે વાપીના ભેજાબાજ સામે ધરમપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વલસાડમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો દુકાનદારની નજર ચૂકવી ૧૦ હજાર તફડાવી છૂ

ધોળે દિવસે ઘટના પછી ૨૪ કલાકે પણ પોલીસ તપાસના ઠેકાણાં નહીં !

। વલસાડ ।

વલસાડના અબ્રામાની ગોકુલધામ સોસાયટી-ઉના છોટુભાઈ પાર્કમાં રહેતા પ્રભાશંકર રામલાખન પાંડે (ઉં.વ. ૭૦) વલસાડના બેચર રોડ ખાતે બજરંગ ઓટો સેન્ટરક નામની રિક્ષાના સ્પેરપાર્ટની દુકાનનું સંચાલન કરે છે.

ગત તા. ૨૯/૦૪/૨૬ના રોજ ગ્રાહકના સ્વાંગમાં આવેલા ઈસમે ઓઈલ અને રિક્ષાના ક્લચ તથા બ્રેક વાયર આપવા જણાવતા, દુકાનના સંચાલકે તે ત્રણેય ચીજવસ્તુઓ કાઢીને દુકાનના કાઉન્ટર પર મૂકી હતી. આ સમયે ઈસમ તેના મોબાઈલ પર સતત વાતચીત કરવાનું નાટક કરતો હતો. જ્યારે સંચાલક વાયર લેવા અંદર ગયા કે તરત જ ઈસમે ગલ્લો ખોલી તેમાંથી વેપારીને ચૂકવવા માટે રાખેલી રૂ. ૧૦,૦૦૦ની રોકડ રકમ સિફતપૂર્વક કાઢી લીધી હતી. ત્યારબાદ તે ઈસમ ત્યાંથી ચાલ્યો ગયો હતો.

દરમિયાન સંચાલકે અન્ય ગ્રાહકને છૂટા પૈસા આપવા ગલ્લો ખોલતા ઈસમની કરતૂતની જાણ થઈ હતી. ઠગની આ સમગ્ર કરતૂત દુકાનના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. દુકાનના સંચાલકે આ બાબતે તેમના મિત્ર મારફતે ૧૧૨ પોલીસ હેલ્પલાઈનની મદદ માંગી હતી. જોકે, ૧૧૨ની ટીમ ઘટના સ્થળે ન આવતા, દુકાન સંચાલકે જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમના લેન્ડલાઈન નંબર પર કોલ કરી મદદ માંગી હતી. કંટ્રોલ રૂમના પોલીસ કર્મચારીએ દુકાનના સંચાલકનો મેસેજ સિટી પોલીસને આપવાના બદલે, સંચાલકને સિટી પોલીસનો મોબાઈલ નંબર આપી ત્યાં જાણ કરવાની સલાહ આપી હતી. સંચાલકે સિટી પોલીસ મથકે કોલ કર્યા બાદ લેખિત અરજી પણ આપી હતી. આમ આ ઘટનામાં ૨૪ કલાક વીતી જવા છતાં ડી-સ્ટાફ કે અન્ય કોઈ પોલીસ અધિકારીએ સ્થળ તપાસ ન કરતા સ્થાનિક દુકાનદારમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

HAPPY BIRTHDAY WITH
વલસાડ-વાપી-સંઘપ્રદેશ
સંદેશ
તમારા બાળકોની બર્થડે પાર્ટીમાં હવે સંદેશ પણ સામેલ થાય છે.
તમારા પાંચ વર્ષ સુધીના બાળકોના ફોટો નીચેના સરનામે મોકલી બર્થ ડેને વધું રંગીન બનાવો.
વલસાડ : ૨૭, બી.ડી.સી.એ. શોપીંગ સેન્ટર, નગરપાલિકા પાર્કિંગ પ્લોટ સામે, મમતા હેલ્થ સેન્ટરની ઉપર, લીન્ક રોડ. ૯૮૭૯૧ ૬૬૨૫૯
વાપી: શોપ નં.૧૩, જે. ટાવર, પ્રથમ માળ, ઈમરાન નગર, વાપી. મો : ૯૦૯૯૯ ૫૬૧૧૧
અથવા
editorial.surat@sandesh.com
તમારા બાળકોની ફોટોગ્રાફ બર્થ ડેના બે દિવસ પહેલા મોકલી આપવા.

વિદ્યાર્થીઓ વચ્ચેની મજાકનું ગંભીર પરિણામ આવતા રહી ગયું

ધરમપુરના છાત્રાલયમાં ધીંગામસ્તી વેળા ગળે ફાંસો લાગતાં વિદ્યાર્થી ગંભીર

। ધરમપુર, વલસાડ ।

ધરમપુરના એક ગામમાં આવેલી છાત્રાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મજાક-મસ્તી કરી રહ્યા હતા તે વેળાએ, એક વિદ્યાર્થીને અકસ્માતે ગળે ફાંસો લાગી જતાં તે બેભાન થઈ ગયો હતો. વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે ધરમપુરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા, વિદ્યાર્થીનો હાલમાં બચાવ થયો છે.

ધરમપુર તાલુકાના એક ગામમાં આવેલા છાત્રાલયમાં નજીકની હાઈસ્કૂલમાં ધોરણ ૯ થી ૧૧ ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. હાઈસ્કૂલમાં પરીક્ષા પૂર્ણ થતા ધોરણ ૧૦ અને ૧૨ના એક્સ્ટ્રા વર્ગો ચલાવવામાં આવી રહ્યા હતા, જેથી ધોરણ ૧૦ અને ૧૨ના ૪૫ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહી અભ્યાસની પૂર્વ તૈયારીમાં જોતરાયા છે. ગત તા. ૨૭/૦૪/૨૬ ના રોજ એક્સ્ટ્રા વર્ગો પૂર્ણ થયા બાદ હાઈસ્કૂલમાંથી વિદ્યાર્થીઓ છાત્રાલયમાં પહોંચ્યા હતા. જમી-પરવારી વિદ્યાર્થીઓ આરામ કરી રહ્યા હતા, જે દરમિયાન ધોરણ ૧૦ માં અભ્યાસ કરતો ધરમપુરના એક ગામમાં રહેતો અનિકેત (નામ બદલ્યું છે) નામનો વિદ્યાર્થી અને કપરાડા તાલુકાના એક ગામનો રહેતો અલ્પેશ (નામ બદલ્યું છે), બંને મિત્રો મસ્તી કરી રહ્યા હતા.

કપડાં સુકવવા માટે રાખેલ નાયલોનની દોરીનો એક છેડો સુવાના બેડ સાથે બાંધી, બીજો છેડો અનિકેતના ગળામાં બાંધી ધક્કો મારી દેતા, અનિકેતને અકસ્માતે ફાંસો લાગી ગયો હતો. આ સ્થળે હાજર અન્ય વિદ્યાર્થીઓએ ઝટકા સાથે બેભાન થઈ ગયેલા અનિકેતના ગળામાંથી દોરી કાઢી નાખી હતી. જે બાદ અનિકેતને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી ધરમપુરની રાજચંદ્ર હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં હાલ તેની હાલત સુધારા પર હોવાનું ધરમપુર પોલીસે જણાવ્યું છે. ઘટના બાબતે ગૃહપતિએ ભોગ બનનાર વિદ્યાર્થીના પિતાને જાણ કરી હતી.

જેથી ભોગ બનનારના પિતાએ ધરમપુર પોલીસ મથકમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી હતી. ભોગ બનનાર વિદ્યાર્થીના પિતાએ છાત્રાલયના સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. જે બાદ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
બેંક ઓફ બરોડા, રીજનલ ઓફિસ
મહાલક્ષ્મી ટાવર, ૧લો માળ, તિથલ રોડ, વલસાડ.
ફોન : 02632-241454,
ઈ-મેલ : recovery.bulsar@bankofbaroda.co.in

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (જુઓ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) તથા જામીનદાર(રો)તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" "આશ્રય વિના"ના ધોરણે વેચાણ કરવામાં આવશે. દેવાદાર/રો/ જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે.

ક્રમ/ લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર/રો / જામીનદાર/રો ના નામ અને સરનામા	જાણમાં હોય, જો કોઈ હોય તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત / કબજાનો પ્રકાર	કુલ બાકી રકમ	૧. રીઝર્વ કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) ૩. બીડ વૃદ્ધિની રકમ
1	બુલસર મુખ્ય ૬૬૮૭૬૮૦૭૧૩	ભાનુશાલી મનોજ બાલાચોડ નાની ભાનુશાલી વાસ બાલાચોડ નાની અબડાસા કચ્છ ભુજ, ગુજરાત ૩૭૦૬૫૦	સ્થાવર મિલકતનો બધો ટુકડો અને ભાગ રહેણાંક ફ્લેટ નં.એ/૬૧૦૭, જે આશરે૬૦.૪૭ ચોરસ મીટર (૬૫૦.૩૩ ચોરસ ફૂટ) ક્ષેત્રફળ, જે સનરાઇઝ ટાવર્સ – એ બિલ્ડિંગ તરીકે ઓળખાતી ઇમારતના છઠ્ઠા માળે જે વલસાડ મ્યુનિસિપલ ઝોન એરિયા, મોગરાવાડી, તાલુકો: વલસાડ, જિલ્લો: વલસાડની હદમાં આવેલ સી.એસ. નં. ૨૦૦૮ (જૂનો રેવન્યુ સર્વે નં. ૧૪૭/૩), જેનું ક્ષેત્રફળ ૫૫૬૫.૦૭ ચોરસ મીટર છે તેવી બિન-ખેતીની જમીન પર બાંધવામાં આવી છે. આ મિલકતશ્રી મનોજ ભાનુશાળી અને કુમારી કિષ્ના ભાનુશાળીની માલિકીની છે, જેનો અહીં સમાનગીરો કરવામાં આવ્યો છે.	રૂ. ૨૫,૧૩,૬૬૧.૧૫/- ૩૦.૦૪.૨૦૨૬ મુજબ	૧.રૂ. ૧૯,૯૦,૦૧૦/- ૨.રૂ. ૧,૯૯,૦૦૧/- ૩.રૂ. ૧૦૦૦૦/-
2	પારનેરા ૬૬૮૭૬૮૦૭૫૭	શ્રીમતી કેટી મોહનભાઈ મિસ્ત્રી શ્રી યતીન મોહનભાઈ મિસ્ત્રી (સહ દેવાદાર) ૪૯૯, ઓરંગા રોડ, લીલાપુર, વલસાડ-૩૯૬૦૦૧	સ્થાવર મિલકતનો બધો ટુકડો અને ભાગ બિન-ખેતી (એન.એ.) જમીન છે, જેનો નવો સર્વે નં. ૩૦૨૪ (જૂનો સર્વે નં. ૧૪૬/પૈકી ૪/ પૈકી ૫૦ પૈકી પ્લોટ નં. ૧૯૬ પૈકી પૈકી) અને પ્લોટ નં. ૧૯૭-એ છે. આ પ્લોટ આશરે ૪૮.૩૫ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવે છે, જે અબ્રામા, તાલુકો અને જિલ્લો વલસાડની હદમાં આવેલ છે. આ મિલકત શ્રીમતી કેટી મોહનભાઈ મિસ્ત્રીના નામે નોંધાયેલી છે, જેની ચતુઃસીમા: પૂર્વ: રસ્તો, પશ્ચિમ: પ્લોટ નં.૧૯૯/એ, ઉત્તર: પ્લોટ નં.૧૯૮/બી, દક્ષિણ: પ્લોટ નં. ૧૯૭/બી	રૂ. ૩૦,૯૨,૪૪૮.૬૪/- ૩૦.૦૪.૨૦૨૬ મુજબ	૧.રૂ. ૨૯,૮૮,૦૦૦/- ૨.રૂ. ૨,૯૮,૮૦૦/- ૩.રૂ.૧૦,૦૦૦/-
		શ્રી યતીન મોહનભાઈ મિસ્ત્રી ૪૯૯, ઓરંગા રોડ, લીલાપુર, વલસાડ-૩૯૬૦૦૧	આ સ્થાવર મિલકતનો બધો ટુકડો અને ભાગ બિન-ખેતી (એન.એ.) જમીન છે, જેનો નવો સર્વે નં. ૩૦૨૪ (જૂનો સર્વે નં. ૧૪૬/પૈકી ૪/ પૈકી ૫૦ પૈકી પ્લોટ નં. ૧૪૯, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૧૯૯ જેનું કુલ ક્ષેત્રફળ આશરે ૯૧૦.૦૦ ચોરસ મીટર છે તે પૈકી) પ્લોટ નં. ૧૯૮ જેનું ક્ષેત્રફળ આશરે ૧૫૭.૫૦ ચોરસ મીટર છે તે પૈકી અને માત્ર પ્લોટ નં. ૧૯૮-બી છે. આ પ્લોટ આશરે ૪૮.૩૫ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવે છે, જે અબ્રામા, તાલુકો અને જિલ્લો વલસાડની હદમાં આવેલ છે. આ મિલકત શ્રી યતિન મોહનભાઈ મિસ્ત્રીના નામે નોંધાયેલી છે, જેની ચતુઃસીમા: પૂર્વ: રસ્તો, પશ્ચિમ: પ્લોટ નં. ૧૭૮/બી, ઉત્તર: પ્લોટ નં. ૧૯૮/એ, દક્ષિણ: પ્લોટ નં. ૧૯૯/બી	રૂ. ૨૯,૮૩,૦૭૬.૧૪/- ૩૦.૦૪.૨૦૨૬ મુજબ	૧.રૂ.૨૯,૮૮,૦૦૦/- ૨.રૂ.૨,૯૮,૮૦૦/- ૩.રૂ. ૧૦,૦૦૦/-
3	પીઠા ૮૯૮૦૪૫૦૧૧૧	શ્રીમતી હર્ષા દિનેશભાઈ પટેલ (સહ દેવાદાર અને સ્વ. દિનેશ મણીલાલ પટેલના પત્ની અને કાનૂની વારસદાર તરીકે પણ) કુ. શ્રદ્ધા દિનેશ પટેલ અને કુ. જાનકી દિનેશ પટેલ બંને સ્વ. શ્રી દિનેશ મણીલાલ પટેલ મોરના પુત્રી અને કાયદેસરના વારસદાર તરીકે. માધવ દિનેશ પટેલના પુત્ર અને સ્વ.દિનેશ મણીલાલ પટેલના કાયદેસરના વારસદાર અને જામીનદારો શ્રી કૈલાશ મણીલાલ પટેલ અને શ્રી લાલજી ખીમજી પટેલ	વલસાડના મોગરાવાડી ખાતે આવેલ ૯૨.૧૦ ચોરસ મીટરના કુલ વિસ્તારવાળા ફ્લેટ નં. ૩૦૨૪ ત્રીજા માળે આવેલ સ્થાવર મિલકતમાં તમામ હકો, માલિકી હકો અને હિત, જેનું નામ "શિવમ કોમ્પ્લેક્સ" છે, જે એન.એ. જમીન ધરાવતા સિટી સર્વે નં. ૨૦૧૮ થી ૨૦૨૨ સુધીના સમયગાળા માટે બંધાયું છે. જેમાં શ્રીમતી હર્ષા દિનેશભાઈ પટેલ સહ-દેવાદાર તરીકે અને સ્વ. દિનેશ મણિલાલ પટેલ (દેવાદાર અને ગીરવેદાર) ના પત્ની અને કાનૂની વારસદાર તરીકે, સુશ્રી શ્રદ્ધા દિનેશ પટેલ અને સુશ્રી જાનકી દિનેશ પટેલ બંને સ્વ. શ્રી દિનેશ મણિલાલ પટેલ (દેવાદાર અને ગીરવેદાર) ના પુત્રી અને કાનૂની વારસદાર તરીકે, શ્રી માધવ દિનેશ પટેલ સ્વ. દિનેશ મણિલાલ પટેલ (દેવાદાર અને ગીરવેદાર) ના પુત્ર અને કાનૂની વારસદાર છે. જેની ચતુઃસીમા: પૂર્વ: ફ્લેટ નં. ૩૦૧; પશ્ચિમ: રોડ; ઉત્તર: ફ્લેટ નં. ૩૦૩; દક્ષિણ: રોડ.	રૂ. ૮,૯૫,૩૨૯.૮૬/- ૩૦.૦૪.૨૦૨૬ મુજબ	૧.રૂ.૧૩,૪૧,૦૦૦/- ૨.રૂ. ૧,૩૪,૧૦૦/- ૩.રૂ.૧૦,૦૦૦/-
4	આરઓએસ એઆરબી વલસાડ ૮૩૭૨૪૮૫૪૭૪	રામુભાઈ બાલુભાઈ પટેલ સેન્ટ કોલોની પાસે વલસાડ ધરમપુર રોડ વલસાડ અબ્રામા૩૯૬૦૦૨	મિલકતના તમામ પીસ અને પાર્સલનો સમાન ગીરો પ્લોટ નં. ૧૪-બી, આશરે ૧૬૦.૮૫ ચોરસ મીટર, વલસાડ મ્યુનિસિપલ મકાન નં. ૨૫૩૦, સિટી સર્વે નં. ૧૪૫૦, આરએસ નં. ૪૮૨/એ/૩ પૈકીનો આશરે ૧૬૧.૦૯ ચોરસ મીટર, ગાયત્રી કો.ઓપ. હાઉસિંગ સોસાયટી લિ., સોસાયટી નોંધણી નં. જીએચ-૮૪૧૮/૧૯૮૨, નગરપાલિકા વિસ્તારની હદમાં ગામ અબ્રામા ખાતે તા. જિ. વલસાડ; નીચે મુજબ સીમા: પૂર્વમાં: પ્લોટ નં. ૭ બી, પશ્ચિમમાં: પ્લોટ નં. ૧૪ એ, ઉત્તરમાં: પ્લોટ નં. ૧૩/બી અને દક્ષિણમાં: પ્લોટ નં. ૧૫/બી.	રૂ. ૩૮,૪૫,૮૪૩.૪૬/- ૩૦.૦૪.૨૦૨૬ મુજબ	૧.રૂ.૩૭,૦૮,૦૯૦/- ૨.રૂ.૩,૭૦,૮૦૯/- ૩.રૂ.૧૦,૦૦૦
5	સિલ્વાસા વાપી રોડ શાખા ૮૪૫૫૮૨૮૦૯૮	મેસર્સ આશી ઇન્ડસ્ટ્રીઝ શ્રી દીપક કિશોરભાઈ મિસ્ત્રી (ભાગીદાર) શ્રીમતી કલ્પિતા દીપક મિસ્ત્રી (ભાગીદાર) પ્લોટ નંબર ૧૦૦ સરકારી. ઔદ્યોગિક વસાહત, ગામ મસાત સિલ્વાસા, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું યુટી	સ્થાવર મિલકતનો બધો ટુકડો અને ભાગ રહેણાંક ફ્લેટ નં. ૧૧ છે, જે "પ્રમુખ વિહાર" ના બિલ્ડિંગ બી-૧ ના બીજા માળે, સેલવાસ ૩૯૬૨૩૦ ખાતે આવેલો છે. આ મિલકત શ્રી શૈલેષ મગનલાલ પ્રજાપતિ ના લાભાર્થે સમાનગીરો કરવામાં આવી છે. જેની ચતુઃસીમા: ઉત્તર: પેસેજ, પૂર્વ: ઓ.ટી.એસ., પશ્ચિમ: ફ્લેટ નં. ૧૨, દક્ષિણ: ફ્લેટ નં. ૧૦	રૂ. ૩૪,૯૦,૭૨૩.૯૯/- ૩૦.૦૪.૨૦૨૬ મુજબ	૧.રૂ.૨૬,૮૪,૦૦૦/- ૨.રૂ.૨,૬૮,૪૦૦/- ૩.રૂ.૧૦,૦૦૦
			સ્થાવર મિલકતનો બધો ટુકડો અને ભાગ પ્લોટ નં. ૧૦૦ છે, જે ગવર્મેન્ટ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગામ મસાટ, દાદરા અને નગર હવેલી ખાતે આવેલો છે. આ પ્લોટનું કુલ ક્ષેત્રફળ આશરે ૬૬૦ ચોરસ મીટર છે અને તેના પર ૬૭૫.૬૯ ચોરસ મીટરનું ફેક્ટરી બિલ્ડિંગ બાંધવામાં આવ્યું છે, જેનો અહીં સમાનગીરો કરવામાં આવ્યો છે. જેની ચતુઃસીમા: ઉત્તર: રસ્તો, પૂર્વ: પ્લોટ નં. ૯૯, પશ્ચિમ: રસ્તો, દક્ષિણ: પ્લોટ નં. ૧૦૧		૧.રૂ.૮૯,૯૮,૦૦૦/- ૨.રૂ.૮,૯૯,૮૦૦/- ૩.રૂ.૨૫,૦૦૦/-
6	જીઆઈડીસી વાપી ૬૬૮૭૬૮૦૭૭૮	જ્યોતિ દીપક શ્રીવાસ દીપક ટાયર સર્વિસ પ્લોટ નં ૧૯૦૧/૮, દુકાન નંબર ૭ પ્રકાશ શોપિંગ સેન્ટર ૩જી જીઆઈડીસી, વાપી, ગુજરાત ૩૯૬૧૯૫	સ્થાવર મિલકતનો બધો ટુકડો અને ભાગ જમીન તથા મકાન છે, જે ભારતી વિલા ગાર્ડન ટાઉનશીપમાં "ગિરિરાજ પાર્ક" ખાતે આવેલ છે. આ મિલકત રાસ્વે નં. ૩૫ ની કુલ ૨૫૭.૨૫ ચોરસ મીટર જમીન પૈકી છે; જેમાં ગ્રાઉન્ડ ફ્લોર ૮૫૦.૦૦ ચોરસ ફૂટ + ગ્રાઉન્ડ ફ્લોર બાંધકામ ૮૫૦.૦૦ ચોરસ ફૂટ + પ્રથમ માળ ૮૫૦.૦૦ ચોરસ ફૂટ + બીજા માળનું ૪૫૦.૦૦ ચોરસ ફૂટ મળીને કુલ ૨૧૫૦.૦૦ ચોરસ ફૂટનું બાંધકામ ધરાવે છે. આ મિલકત છરવાડા ગ્રામ પંચાયતના ઘર નં. ૨૬૮૦૫ પર નોંધાયેલી છે, જે ગામ છરવાડા, તાલુકો: વાપી, જિલ્લો: વલસાડની નવો બ્લોક/સર્વે નં. ૧૨૯૬ (જૂનો એકીકૃત સર્વે નં. ૧૯૩/૧/૭૧), ક્ષેત્રફળ ૨૭૫.૦૦ ચોરસ મીટર ધરાવતી બિન-ખેતી (એન.એ.) જમીન પર આવેલી છે. આ મિલકત શ્રીમતી જ્યોતિ દીપક શ્રીનિવાસ અને શ્રી અમિત દીપક શ્રીનિવાસ ના નામે છે. જેની ચતુઃસીમા: પૂર્વ: રેવન્યુ સર્વે નં. ૧૯૯ દ્વારા, પશ્ચિમ: સીમા, ઉત્તર: રેવન્યુ સર્વે નં. ૧૭ દ્વારા, દક્ષિણ: રેવન્યુ સર્વે નં. ૮ દ્વારા	રૂ. ૫૯,૧૦,૨૨૭.૯૩/- ૩૦.૦૪.૨૦૨૬ મુજબ	૧.રૂ.૬૭,૭૭,૦૦૦/- ૨.રૂ.૬,૭૭,૭૦૦/- ૩.રૂ.૧૦,૦૦૦/-
7	ભિલવાડી ૯૭૧૨૯૯૮૨૮૩	શૈલેન્દ્ર આર પાંડે ફ્લેટ નં. ૨૦૧, બીજો માળ, ધનલક્ષ્મી રેસીડેન્સી, ફેઝ-૨, એલ-૧૨, લવાછા ગામ, ગુજરાત	સ્થાવર મિલકતનો બધો ટુકડો અને ભાગ રહેણાંક ફ્લેટ નં. ૨૦૧ છે, જે બીજા માળે આવેલો છે. આ ફ્લેટ આશરે ૬૫૦ ચોરસ ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા એટલે કે ૬૦.૩૯ ચોરસ મીટર ધરાવે છે, જેનો કાર્પેટ એરિયા ૩૯.૨૫ ચોરસ મીટર છે. આ ફ્લેટ "ધનલક્ષ્મી રેસીડેન્સી ફેઝ-II", એલ-૧૨ તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં આવેલ છે, જેની સાથે ૪.૦૯ ચોરસ મીટર જમીનનો અવિભાજિત હિસ્સો જોડાયેલ છે. આ બિલ્ડિંગ ગુજરાત રાજ્યના લવાછા ગામની કુલ આશરે ૪૪૦ ચોરસ મીટર બિન-ખેતી (એન.એ.) જમીન, જેનો જૂનો સર્વે નં. ૯૧/૨૪ અને નવો સર્વે નં. ૧૧૨૬ છે તેના પર બાંધવામાં આવી છે.	રૂ. ૧૦,૪૨,૩૦૩.૫૪/- ૩૦.૦૪.૨૦૨૬ મુજબ	૧.રૂ.૮,૮૪,૦૦૦/- ૨.રૂ.૮૮,૪૦૦/- ૩.રૂ.૧૦,૦૦૦/-

● ઈ-હરાજીની તારીખ : ૦૪.૦૬.૨૦૨૬ ● ઈ-હરાજીનો સમય : બપોરે ૦૨:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી (ફક્ત ૩૦ દિવસ માટે)

નોંધ: બધી મિલકતો માટે
એ) મિલકત સાંકેતિક કબજામાં છે અને બોલી લગાવનાર તેના/પોતાના જોખમ અને જવાબદારી સાથે સાંકેતિક કબજામાં મિલકત ખરીદે છે.
બી) બેંક સાંકેતિક રીતે જ મિલકતનો કબજો સુપરત કરશે અને હરાજીમાં બોલી લગાવનાર/ખરીદનાર સફળ બેંક પાસેથી પ્રત્યક્ષ કબજાનો દાવો નહીં કરે.
સી) પ્રત્યક્ષ કબજો સુપરત કરવા માટે બેંક જવાબદાર કે ફરજ પર બંધાયેલી રહેશે નહીં.
ડી) સફળ હરાજી ખરીદનાર નાણાં પરત કરવાના કોઈ પણ સંજોગોમાં કોઈ પણ વ્યાજનો દાવો કરવા માટે હકદાર રહેશે નહીં.
ઇ) સફળ હરાજી ખરીદનારે ઇ-હરાજી પછી તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની પુષ્ટિ કરતું જાહેરનામું સાથે અંડરટેકિંગ સુપરત કરવાનું રહેશે.
એફ) વેચાણ પછી જો સફળ બિડર ડિકલેરેશન સાથે અન્ડરટેકિંગ મોકલવામાં નિષ્ફળ જાય છે, તો બિડ ઇએમડીની રકમ જપ્ત કરવામાં આવશે.
જી) ઇચ્છુક ખરીદદારે બેંક ફોર્મેટ (પ્રતીકાત્મક કબજાના આધારે વેચાણના કિસ્સામાં) મુજબ યોગ્ય સ્ટેમ્પ અને નોટરાઇઝ્ડ એક અન્ડરટેકિંગ રજૂ કરવાનું રહેશે.
(જંગમ/સ્થાવર મિલકતોના વેચાણ પર સરકારી કાયદા પ્રમાણે લાગુ પડતું જીએસટી/ટીડીએસ ખરીદનારે ચૂકવવા પાત્ર છે.)
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://bankofbaroda.bank.in/e-auction અને https://baanknet.com માં આપેલ લિંક જોવા વિનંતી છે. ભાવી બીડરો અધિકૃત અધિકારી ફોન નં.૦૨૬૩૨-૨૪૧૪૫૪ નો સંપર્ક કરી શકશે.

તારીખ : ૦૨.૦૫.૨૦૨૬
સ્થળ : વલસાડ
નોંધ : વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.
ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા